ગાંધીનગર સમાચાર

ઈન્ટરનેટ કનેક્શન માટે છેલ્લા એક વર્ષથી ૩૧૩ શાળાઓ વેઈટીંગમાં છે !!

# ગરબા મેદાનમાં રાજસ્થાની સનેડો અને ચોવીસ ચપટીનો રાસ ધુમ મચાવશે



## નગરના કલાકારોએ રાજસ્થાનના શિહોરી ગામમાંથી બે ત્રણ ગીતો શોધી પ્રેકટીસ શરૂ કરી છે

ગાંધીનગર તા ૨૭

નવલી રાતના પડઘમ વાગી રહયા છે. ત્યારે નગરના ખેલૈયાઓ ગરબે ઘુમવા થનગની રહયા છે. નગરમાં સેકટરે સેકટરે ગરબા કલાસમાં કલારસિકો ગરબાના અવનવા સ્ટેપ્સ શીખી રહયા છે. આગામી નવરાત્રીમાં શોળે શણગાર સજી ગરબે ઘુમતુ નવયૌવન નવીન પ્રકારનુ નર્તન રજુ કરવા ઉત્સુક છે.જેમાં રાજસ્થાની સનેડો અને ચોવીસ ચપટીનો રાસ પણ કલાપ્રમીઓ માટે આર્કષણનુ કેન્દ્ર બનશે.

● અનુસંધાન પાન-૭ પર

# સ્માર્ટસીટી બનાવવા પહેલુ કામ શું કરવુ જોઈએ તેવું મનપાએ નગરજનોને પુછવાનું શરૂ કર્યુ

**કેન્દ્રની સૂચનાને પગલે તંત્ર લોકો પાસે દોડ્યું : સેક્ટર-૨૧માં લોકોના સૂચનો મેળવવાનો પ્રયોગ કર્યો : હવે વોર્ડવાર બેઠકો બાદમાં વિવિધ વર્ગોની સાથે બેઠક કરી સૂચનો એકત્ર કરાશે**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ કેન્દ્ર સરકારે કર્યા પછી કયુ કામ પહેલુ હાથ ધરવુ જોઈએ તેવા લોકો પાસેથી સૂચનો મેળવી અને આયોજન કરવામાં આવે તેવી સૂચનાને પગલે આજે સે. ૨૧ ખાતે મહાનગરપાલિકાએ લોકોના સૂચનો મેળવવાનો એક નવતર કાર્યક્રમ યોજ્યો હતો.

૧૫૦થી પણ વધુ સૂચનો આજે મહાનગરપાલિકાને મળ્યા હોવાનું જાણવા મળેલ છે અને આગામી ૧૫ દિવસ સુધી આ અભિયાન સતત ચાલતુ રહેશે તેમ જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે મનપાનું તંત્ર આ માટે વોર્ડ દીઠ બેઠકો યોજવાનું પણ વિચારી રહેલ છે. આ ઉપરાંત જુદા જુદા ગ્રૃપ પાડી જેમ કે વિદ્યાર્થીઓ, મહિલા મંડળો, તબીબો, એન્જીનીયરો, બિલ્ડરો, સેવાભાવી સંસ્થાઓ વિગેરે સાથે પણ અલગ-અલગ બેઠક યોજવાનું વિચારણા હેઠળ હોવાનું આ સૂત્રોએ જણાવ્યું છે.

સ્માર્ટસીટી પ્રોજેક્ટ એ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટમાં પ્રથમ તબક્કામાં ૨૦ શહેરોને પ્રથમ તબક્કાની ગ્રાન્ટ આપી અને વિકાસના કામો હાથ ધરવામાં આવનાર છે.

શહેરી વિકાસ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી

● અનુસંધાન પાન-૭ પર

# સે-૧ થી ૫માં આંતરિક માર્ગો બિસ્માર હાલતમાં

ગાંધીનગર તા ૨૭

શહેરના સે-૧ થી ૫ ના આંતરિક રસ્તાઓ ઉબડ ખાબડ બનતા સ્થાનિક રહીશોને હાલાકી ભોગવવી પડે છે. શહેરના નવા સેકટરોમાં રસ્તાઓના નવિનીકરણની કામગીરીને નિયત સમય પુર્ણ થઈ ગયો હોવાથી આ વિસ્તારમાં માર્ગ નવીનિકરણનુ કામ હાથ ધરવાની અનિવાર્યતા હોવાની માંગ ઉઠવા પામી છે. જયારે આ મામલે તંત્ર દ્વારા અગાઉ વિભાગને રજુ કરાયેલી દરખાસ્ત અંગે પણ કોઈ નિર્ણય લેવાયો નથી.

**દરખાસ્તને મંજુરી ન અપાતા કામ અટવાયુ : નવા સેકટરોમાં સફાઈ સ્ટ્રીટ લાઈટ તેમજ રસ્તાઓ કંગાળ હાલતમાં**

શહેરના નવા સેકટરોમાં પ્રાથમિક વ્યવસ્થાઓ ખાડે ગઈ છે. નિયમિત સફાઈ વ્યવસ્થાના અભાવે સેકટરોમાં ઠેર ઠેર કચરાના ઢગ જોવા મળી રહયા છે. જયારે સ્ટ્રીટ લાઈટોના આડે પણ વૃક્ષોની ડાળીઓ લપેટાઈ જતા રાત્રિના સમયે અંધારપટ્ટ

● અનુસંધાન પાન-૭ પર

# નવરાત્રી માટે ચણીયાચોળીમાં વિવિધતા



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૨૭

નવરાત્રીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે નગરની યુવતિઓ મા દુર્ગાની આરાધના કરી ગરબે ઘુમવા તડામાર તૈયારીઓ કરી રહી છે. શહેરના ગરબા ક્લાસીસોમાં યુવતિઓ અવનવા સ્ટેપ શીખી મોંઘા ડ્રેસીસ સાથેના આ વર્ષે પાર્ટીપ્લોટ ગરબા મેદાનમાં ઉતરી ધુમ મચાવશે. નવરાત્રી આવતા શહેરમાં ભાડે આપતા ડ્રેસીસની ૨૦થી પણ વધુ દુકાનો કાર્યરત છે.

નવરાત્રી એ મા દુર્ગાની પૂજા-અર્ચના કરી આરાધના તેમજ શક્તિ અને ભક્તિનું પર્વ છે. આ પર્વની ઉજવણી માટે આજનો યુવા વર્ગ અગાઉથી તૈયારીમાં લાગી ગયો છે. ગરબા ક્લાસીસમાં અવનવા સ્ટેપ અને રાસ-ગરબા સહિત નીત નવી સ્ટાઈલથી ગરબા મેદાનમાં છવાઈ જવા તૈયાર છે. ગરબામાં સૌથી મોટુ આકર્ષણનું કેન્દ્ર ડ્રેસ હોય છે. જેના માટે હજારો રૂપિયા યુવતિઓ ખર્ચી નાંખે છે. ચણીયાચોળીમાં રામલીલા, કચ્છીવર્ક, મોતીવર્ક, ગોલવાળી વર્કની ચણીયાચોળી ઉપલબ્ધ હોય છે. જ્યારે કચ્છીવર્કમાં પણ રબારી વર્ક અને આહીર વર્ક હોય છે. જેમાં સૌથી ફેવરીટ યુવતિઓને રબારી વર્ક છે. જેવી ચણીયાચોળી તેવુ ભાડુ હોય છે.

પ્રતિદિન ૧૦૦૦રૂ.ના ભાડામાં કચ્છી વર્કની ચણિયાચોળી જ્યારે ૩૦૦૦થી ૪૦૦૦ સુધીની પણ ચણીયાચોળી બજારમાં ભાડે મળે છે. આ ચણીયાચોળી બનાવાવનો ખર્ચ ૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦ અને તેથી પણ વધુ થતો હોય છે. શહેરની યુવતિઓને મોંઘવારી નડતી નથી. તેમને તો બસ નવરાત્રીમાં રોજ નીતનવી ચણીયાચોળી શહેરી ગરબે ઘૂમીને મા અંબાની આરાધના કરવી છે. અને તે માટેની તૈયારીઓ તેઓ કરી રહી છે.

# ઈન્ટરનેટ કનેક્શન માટે છેલ્લા એક વર્ષથી ૩૧૩ શાળાઓ વેઈટીંગમાં છે !!

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાની ૩૧૩ શાળાઓ ઈન્ટરનેટની સુવિધા માટે છેલ્લા એક વર્ષથી રાહ જોઈ રહી છે પરંતુ તેમને તે સેવાઓ જે તે નિયત થયેલી એજન્સીઓ દ્વારા પુરી પાડવામાં આવતી નથી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાની ૫૦૦થી વધુ શાળાઓને ઈન્ટરનેટની સુવિધા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ પૈકી અત્યાર સુધી માત્ર ૧૭૨ શાળાઓને જ એજન્સી દ્વારા સુવિધા પુરી પાડવામાં આવી છે. આ ૧૭૨ પ્રા. શાળાઓ પૈકી ૫૪ જેટલી શાળાઓ એવી છે કે ત્યાં ઈન્ટરનેટ પકડાતુ જ નથી. આ માટે એજન્સીઓને વારંવાર લેખિત અને મૌખિકમાં રજુઆતો પછી પણ કોઈ નિરાકરણ આવ્યું નથી.

એક તરફ સ્માર્ટ સ્કુલ અને ઈ-લર્નિંગ જેવા વિષયોને લઈ સરકાર શિક્ષણના સાર્વત્રિકરણની સાથે સાથે આધુનિકરણ બનાવવાની યોજનાઓ તૈયાર કરી રહી છે ત્યારે ગાંધીનગર જિલ્લો પાટનગનરનો જિલ્લો હોવા છતાં દિવા તળે અંધારાની સ્થિતિ જોવા મળી રહી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા સત્તાવાળાઓએ આ મુદ્દે હવે રાજ્ય સરકારને પણ લેખિતમાં પોતાનો અહેવાલ મોકલી આપ્યો છે.

જિલ્લામાં ઈ-લર્નિંગને વધુ પ્રચલિત બનાવવા માટેની વ્યુહરચના તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવી રહી છે તેમજ હવે વહીવટમાં પણ ઈન્ટનેટ સેવાઓ અનિવાર્ય બની છે ત્યારે આ દિશામાં નક્કર કાર્યવાહી તાત્કાલિક થાય તેવી માંગ શિક્ષણ જગતમાં પ્રબળ બની રહી છે.

## બેસણું



અમારા પૂજ્ય માતૃશ્રી ગં.સ્વ. **લક્ષ્મીદેવી કરણસિંહ ચૌહાનનું** દુઃખદ અવસાન તા. ૨૬/૯/૨૦૧૫ને શનિવારના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું આજે તા. ૨૮/૯/૨૦૧૫ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : 'અતુલ્ય', પ્લોટ નં. ૩૨, શાલિન-૨, વાવોલ, 'ક' રોડ, ગાંધીનગર**

**શશીકુમાર બનેઠીયા (જમાઈ)**
**કન્હૈયાલાલ સૈની (જમાઈ)**
**નરેન્દ્રસિંહ કરણસિંહ ચૌહાન (પુત્ર)**
**ઉપેન્દ્રસિંહ કરણસિંહ ચૌહાન (પુત્ર)**
**શૈલેન્દ્રસિંહ કરણસિંહ ચૌહાન (પુત્ર)**

**પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.**
અમૃતલાલ ભાટી (ભાઈ)
સ્વ. રાજેન્દ્રભાઈ ભાટી (ભાઈ)
શંકરલાલ ભાટી (ભાઈ)
સુભાષભાઈ ભાટી (ભાઈ)

જોઈએ છે
• LED TV • LCD TV • Colour TV
જુના બંધ હાલતમાં
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

રક્ત એ જ જીવન છે, જીવન એ જ રક્ત છે
'રક્તદાનથી જીવનદાન'
રજતજયંતિના અવસરે કેથોલીક ચર્ચ, સેક્ટર-૮ના યુવક મંડળ યોજે છે
''રક્તદાન કેમ્પ''
: તારીખ : ૪-૧૦-૨૦૧૫ રવિવાર
Save a life Give Blood
: સમય : સવારે ૯-૪૫ થી બપોરના ૨-૦૦ કલાક સુધી
કેથોલીક ચર્ચ, સેક્ટર-૮, સેન્ટ ઝેવિયર્સ સ્કુલની બાજુમાં, ગાંધીનગર
આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી રક્તદાન કરી સહકાર આપવા વિનંતી છે.
ફા. વેલેરીયન પેરેરા   સિ. જોસફીન   ફા. શઈજી
CO-ORDINATORS : Gandhinagar Catholic Youth
રક્ત એ જ જીવન છે, જીવન એ જ રક્ત છે
સંપર્ક : 94267 59281, 75749 29549, 94086 35029

Give your shares on rent get an advance rent (ભાડું) upto 4.00% to 14.00%
Call : 8511568737 or www.nseindia.com

ડૉક્ટર મળશે નહિ
ગાંધીનગરના પ્રખ્યાત
કાન, નાક, ગળાના સર્જન
ડો. છાટબાર
સેક્ટર-૧૭, ગાંધીનગર
તા. ૨૮ થી ૩૦ ત્રીપુરા ઓપરેશન માટે જતા હોવાથી મળી શકશે નહિ.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

STOCK MARKET LEADER REQUIRED
FOR NEW OFFICE AT INFOCITY
• Equity/Commodity Dealer : 1 Post
• Front Office Asst : 1 Post - Male
Deserving Candidate will get best salary package.Walk with full CV.
F-13, Meghmalhar, Sector-11
Opp CNG pump, G'nagar. 9974703401
Mail : bestboi123@gmail.com

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭




ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com